Sgrinio Cyn Geni Cymru
Antenatal Screening Wales
http://www.antenatalscreening.org

# આપનું બ્લડ ગ્રુપ અને ગર્ભાવસ્થા

નીચેના હેતુઓ માટે ગર્ભાવસ્થા દરમિયાન કરી શકાતા પરીક્ષણો આ પત્રિકા સમજાવે છેઃ

- આપનું બ્લડ ગ્રુપ શોધવા માટે;
- આપનું રહેસસ ગ્રુપ શોધવા માટે; અને
- પ્રતિદ્રવ્યોની હાજરી જોવા માટે.

આપની ગર્ભાવસ્થા દરમિયાન આપની કાળજી લઈ રહેલાં લોકોએ આપના બ્લડ ગ્રુપને જાણવાની જરૂર પડી શકે છે કારણ કે કદાચ આપને લોહી ચડાવવાની જરૂર પડી શકે. આપનું (Rhesus group) રહેસસ ગ્રુપ જાણવું પણ અગત્યનું છે.

## આપનું (Rhesus group) રહેસસ ગ્રુપ શું છે?

આપનું બ્લડ ગ્રુપ સામાન્ય રીતે નીચેના ચાર મુખ્ય સમૂહોમાંથી એક હશેઃ

- ગ્રુપ ઓ;
- ગ્રુપ એ;
- ગ્રુપ બી;
- ગ્રુપ એબી.

આપ રહેસસ ગ્રુપ કહેવાતું અન્ય બ્લડ ગ્રુપ પણ ધરાવો છો. આપ રહેસસ પોઝિટિવ કે રહેસસ નેગેટિવ હોઇ શકો છો. દાખલા તરીકે, આપનું સમગ્ર બ્લડ ગ્રુપ 'ગ્રુપ ઓ રહેસસ પોઝિટિવ' તરીકે લખી શકાય છે.

## લાલ કોષીય પ્રતિદ્રવ્યો શું છે?

પ્રતિદ્રવ્યો એ આપનું શરીર જેને બાહ્ય માનતું હોય તેવી કોઇપણ વસ્તુ સામે આપના શરીરની કુદરતી પ્રતિકારક શક્તિ છે. લાલ કોષો આપના શરીરમાં ઑક્સિજનનું વહન કરે છે. આપના પોતાના બ્લડ ગ્રુપ કરતા અલગ બ્લડ ગ્રુપનાં લોહીના કોષો આપના લોહીના પ્રવાહમાં દાખલ થાય તો આપનું શરીર પ્રતિદ્રવ્ય બનાવી શકે છે. લોહી ચડાવવાથી અથવા ગર્ભાવસ્થા દરમિયાન આપના શિશુ તરફથી આમ થઈ શકે છે.

લાલ કોષોના પ્રતિદ્રવ્યો આપના લોહીના પ્રવાહમાંથી આપના શિશુના લોહીના પ્રવાહમાં પસાર થઈ શકે છે. આનાથી આપના શિશુના લોહીને નુકસાન થઈ શકે છે. ક્યારેક તેનાથી નવજાત શિશુના હિમોલિટિક રોગ (HDN) જેવી ભાગ્યે જ થતી સ્થિતિ ઊભી થાય છે. HDNનાં લક્ષણોમાં કમળો અને એનિમિયા (લોહીના લાલ કોષોનો અભાવ)નો સમાવેશ થાય છે. અસરગ્રસ્ત શિશુઓને સામાન્ય રીતે હૉસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડે છે અને સારવારમાં ફોટોથેરપી (પ્રકાશ સાથેની સારવાર) અને ક્યારેક લોહી ચડાવવાનો સમાવેશ થાય છે.

## નવજાત શિશુના હિમોલિટિક રોગ (HDN)ને અટકાવી શકાય?

જો આપ રહેસસ નેગેટિવ હો અને આપનું શિશુ રહેસસ પોઝિટિવ હોય તો લોહીના આ 'વિદેશી' રહેસસ પોઝિટિવ કોષોનો નાશ કરવા માટે આપનું શરીર પ્રતિદ્રવ્યો બનાવી શકે છે. ક્યારેક આવું ગર્ભાવસ્થા દરમિયાન થાય છે અથવા જયારે આપના બાળકનો જન્મ થાય છે ત્યારે આમ થવાની સંભાવના વધારે હોય છે. જો આપ રહેસસ પોઝિટિવ હો તો આ સમસ્યા સામાન્ય રીતે થતી નથી.

Information for Women

© Velindre NHS Trust

HDN અટકાવવામાં મદદ કરવા માટે જો આપ રહેસસ નેગેટિવ હો તો આપને ગર્ભાવસ્થા દરમિયાન અને જો શિશુ રહેસસ પોઝિટિવ હોય તો પ્રસૂતિ બાદ એન્ટી-ડી ઈમ્યુનોગ્લોબ્લ્યુલિનનું ઈન્જેક્શન અથવા ઈન્જેક્શનો આપવામાં આવશે. આનાથી આપના શરીરને રહેસસ પ્રતિદ્રવ્યો બનાવતું અટકાવવામાં મદદ મળી શકે છે અને ભાવિ ગર્ભાવસ્થાઓમાં સમસ્યાઓનું જોખમ ઘટાડે છે.

## એન્ટી-ડી ઈમ્યુનોગ્લોબ્લ્યુલિન શું છે?

એન્ટી-ડી ઈમ્યુનોગ્લોબ્યુલિન (ઈન્જેક્શન) એ દાતાઓમાંથી એકત્ર કરવામાં આવેલા લોહીમાંથી બનાવેલી લોહીની પેદાશ છે.

## એન્ટી-ડી ઈમ્યુનોગ્લોબ્યુલિન સુરક્ષિત છે?

ક્યારેક એન્ટી-ડી ઈમ્યુનોગ્લોબ્યુલિનથી ઍલર્જીક પ્રતિક્રિયાઓ થાય છે. તે કઈ રીતે બનાવવામાં આવે છે તેનું ખૂબ સખ્તપણે નિયંત્રણ થાય છે તેથી દાતામાંથી આપના શરીરમાં વાયરસ આવે તેનું જોખમ ખૂબ જ ઓછું હોય છે.

## મારા બ્લડ ગ્રુપ અને પ્રતિદ્રવ્યો માટે સ્ક્રિનીંગ કરાવવાના લાભો શું છે?

આપની ગર્ભાવસ્થામાં શરૂઆતના સમયે આપને લોહીના પરીક્ષણની ઑફર કરવામાં આવશે.

જો આપ આ પરીક્ષણ કરાવો તો આપ આપનું બ્લડ ગ્રુપ જાણશો તથા આપ રહેસસ પોઝિટિવ કે રહેસસ નેગેટિવ છો તે જાણશો. તે રહેસસ નેગેટિવ હોવાનું સામાન્યપણે બનતું નથી. લગભગ 15% (સોમાંથી 15) વસ્તી રહેસસ નેગેટિવ છે.

આ પરીક્ષણ પ્રતિદ્રવ્યોની હાજરી પણ જોશે. આપને રખે ને લોહી ચડાવવાની જરૂર પડે તો તે સુરક્ષિત રીતે કરી શકાય તે માટે આ જાણવું અગત્યનું છે. આપના લોહીમાં હાજર પ્રતિદ્રવ્યો ભાગ્યે જ ઉપર સમજાવ્યા પ્રમાણે આપના શિશુને અસર કરવાનું જોખમ ધરાવતા હોઈ શકે છે. જો આમ થાય તો આપ અને આપના બાળકને વિશેષ કાળજી આપવામાં આવી શકે છે. આપની ગર્ભાવ્સ્થાનાં 28માં અઠવાડિયાની આસપાસ ફરીથી આપને આ લોહીનું પરીક્ષણ આપવામાં આવે છે.

## મારા બ્લડ ગ્રુપ અને પ્રતિદ્રવ્યો માટે સ્ક્રિનીંગ કરાવવાના ગેરલાભો શું છે?

સ્ક્રિનીંગ એ લોહીનું સરળ પરીક્ષણ છે. એક માત્ર જોખમ એ કોઈપણ લોહીનું પરીક્ષણ કરાવતી વખતનાં જોખમ જેવું છે.

## પરીક્ષણ ક્યાં કરવામાં આવશે?

આપ આ પરીક્ષણ ક્યાં કરાવી શકો છો તે આપના દાયણ આપને કહેશે.

# પરિણામો

## શું મારું પરિણામ ગુપ્ત રહેશે?

NHS બધા પરીક્ષણોનાં પરિણામો ગુપ્ત રાખે છે. કેટલાં લોકો આપના પરીક્ષણનાં પરિણામોની પહોંચ ધરાવશે તે અંગેની હૉસ્પિટલની નીતિઓમાં ફેરફાર હોઈ શકે છે. આપની દાયણ આપને સ્થાનિક વ્યવસ્થાઓ અંગે સમજાવી શકશે.

## હું મારા સ્ક્રિનીંગ પરીક્ષણનું પરિણામ કઈ રીતે મેળવીશ?

આપ પરીક્ષણનું પરિણામ કેવી રીતે અને ક્યારે મેળવશો તે આપના દાયણ આપને કહેશે. આપનું લોહી લેવામાં આવે તેના ત્રણ અઠવાડિયાની અંદર આપને આપના લોહીના પરીક્ષણનું પરિણામ મળશે.


© Velindre NHS Trust

## બ્લડ ગ્રુપ અને લાલ કોષીય પ્રતિદ્રવ્યો માટે નિદાનાત્મક પરીક્ષણો

બ્લડ ગ્રુપ અને લાલ કોષીય પ્રતિદ્રવ્યો માટે સ્ક્રિનીંગ પરીક્ષણ ખૂબ ચોક્કસ છે. ક્યારેક જો કોઇ સમસ્યાની શંકા પડે કે તેના વિશે જાણવા મળે તો આપે લોહીનું વધારાનું પરીક્ષણ કરાવવાની જરૂર પડી શકે છે.

## જો આપ જાણતા હો કે આપ રહેસસ નેગેટિવ છો તો

આપની દાયણ કે ડૉક્ટરનો શક્ય તેટલી જલ્દી સંપર્ક કરો જેથી તેમને યાદ દેવડાવી શકાય કે આપ રહેસસ નેગેટિવ છો જોઃ

- આપને 12 અઠવાડિયા બાદ યોનિમાંથી રક્તસ્ત્રાવ થાય;
- 12 અઠવાડિયા બાદ આપને કસુવાવડ થઈ જાય; અથવા
- આપને પેટમાં ઈજા થાય (દાખલા તરીકે, કાર અકસ્માતમાં સીટ બેલ્ટને કારણે કે આગળ પડવાથી થતી ઈજા).

જો આમાંની કોઈપણ બાબત થાય તો આપનું શરીર પ્રતિદ્રવ્યો બનાવવાનું શરૂ કરી શકે છે અને આપને એન્ટી-ડી ઈન્જેક્ષનની જરૂર પડી શકે છે.

## મને શા માટે એન્ટી-ડી ઈન્જેક્ષનની ઑફર કરવી જોઇએ?

આપનું શરીર પ્રતિદ્રવ્યો બનાવે તેનું જોખમ ઘટાડવા માટે આપને એન્ટી-ડી ઈન્જેક્ષનની ઑફર થવી જોઇએ. નીચે પૈકીનાં કોઇપણ સંજોગોમાં પણ આપને એન્ટી-ડી ઈન્જેક્ષનની ઑફર થવી જોઇએઃ

- આપના ગર્ભ પર સ્વાસ્થ્ય, જાતિ કે જીનેટિક બંધારણ જાણવા માટે પરીક્ષણ કરવામાં આવે.
- ગર્ભમાં રંગસૂત્રો કે જીનેટિક વ્યાધિઓ જાણવા માટે ગર્ભાવસ્થા પહેલાં નિદાન માટે આપે ક્રોનિક વિલસ સેમ્પલિંગ કરાવ્યું હોય.
- જ્યારે આપના બાળકનો જન્મ થાય (સામાન્ય રીતે જો બાળક રહેસસ પોઝિટિવ હોય).
- આપ ગર્ભાશયની બહાર થતી ગર્ભાવસ્થા ધરાવતા હો.
- આપ આપની ગર્ભાવસ્થાનો અંત લાવો.

આપની કાળજી લેતાં કોઇપણ હેલ્થકૅયર પ્રોફેશનલને કહેવાનું યાદ રાખો કે આપ રહેસસ નેગેટિવ છો.

તેઓ સમગ્ર ગર્ભાવસ્થા દરમિયાન આપના પ્રતિદ્રવ્યનું સ્તર ચકાસશે. સમસ્યાઓ અટકાવવાનો પ્રયત્ન કરવા માટે આપ ગર્ભવતી હો તે દરમિયાન આપને એન્ટી-ડી ઈન્જેક્ષન પણ ઑફર કરવામાં આવી શકે છે.

## વધુ માહિતી

રહેસસ નેગેટિવ હોવા વિશે આપ વધુ માહિતી આપની દાયણ અથવા આપના હૉસ્પિટલનાં ડૉક્ટર (આપના ઑબ્સ્ટેટ્રિશિયન) પાસેથી મેળવી શકો છો.

ગર્ભાવસ્થામાં બ્લડ ગ્રુપ્સ અને લાલ કોષીય પ્રતિદ્રવ્યો વિશેની પત્રિકા. નીચેની લિંક પર ઉપલબ્ધ છેઃ
http://hospital.blood.co.uk/library/patient_information_leaflets/leaflets/index.asp
(22/09/09નાં રોજ એક્સેસ કરવામાં આવી)

© કૉપીરાઈટ 2010 પબ્લિક હેલ્થ વેલ્સ NHS ટ્રસ્ટ. સર્વાધિકાર સુરક્ષિત. કૉપીરાઈટ માલિકની પરવાનગી વિના સંપૂર્ણ કે આંશિક રીતે પુનઃઉત્પાદન થઈ શકશે નહીં.

www.antenatalscreening.org
એપ્રિલ 2010
BG 9મી આવૃત્તિ

Information for Women
© Velindre NHS Trust